
RNI Title Code : GUJGUJ18197

# ભારત હેડલાઈન

તટસ્થ, પારદર્શક અને નિડર અખબાર

Bharat Headline-Gujarati Morning Daily
(Monday to Saturday) Rajkot



**રાજકોટને ૨૪ કલાક પાણી મળવાની યોજના પર પાણીઢોળ**

વાંચો પેજ નં. 4

માલિક, મુદ્રક પ્રકાશક અને તંત્રી : અમિત બીપીનભાઈ ઠક્કર | Date : 19 June 2024, Wendnesday | Page : 11 | Year : 1 | Issue : 208 | Price: 2/-



## મોદી ગંગા આરતીમાં મગ્ન

- ત્રીજી વખત વડાપ્રધાન બન્યા બાદ વારાણસીની પ્રથમ મુલાકાત
- PMએ 9.60 કરોડ ખેડૂતોને સન્માન નિધિનો 17મો હપ્તો જાહેર કર્યો

# મા ગંગાએ મને દત્તક લીધો, હું દિવસ-રાત આવી જ રીતે મહેનત કરીશઃ PM

ભારત હેડલાઈન, તા.૧૮

ત્રીજી વખત પીએમ બન્યા બાદ મોદી પહેલી વાર તેમની લોકસભા બેઠક વારાણસીની મુલાકાતે છે. વડાપ્રધાન મોદી અને યુપીના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે મા ગંગાની પૂજા કરી. ત્યારબાદ PMએ ગંગા આરતી પણ કરી છે. PMએ ૯.૬૦ કરોડ ખેડૂતોને સન્માન નિધિનો ૧૭મો હપ્તો જાહેર કર્યો. તેમણે ખેડૂતોના ખાતામાં ૨૦ હજાર કરોડ રૂપિયા જમા કરાવ્યા. PMએ ૨૭ મિનિટ સુધી ભાષણ આપ્યું. મોદીનું ફોકસ ખેડૂતો, મહિલાઓ, વિકાસ અને કાશી પર હતું. તેમણે વિરોધ અને રાજકારણ વિશે વાત કરી ન હતી. PMએ કહ્યું- ચૂંટણી જીત્યા બાદ અમે પહેલીવાર બનારસ ઓઈલની મુલાકાત લીધી. જનતા જનાર્દનને અમારી શુભેચ્છાઓ, કાશીની જનતાએ અમને તેમના પ્રતિનિધિ તરીકે સતત ચૂંટીને અમને આશીર્વાદ આપ્યા છે. હવે માતા ગંગાએ પણ મને દત્તક લીધો છે. હું અહીંનો છું. હું ઈચ્છું છું કે દુનિયાના દરેક ઘરમાં ભારતીય ફૂડ પ્રોડક્ટ ડાઈનિંગ ટેબલ પર હોય. જનસભા સ્થળથી પીએમ દશાશ્વમેધ ઘાટ પહોંચ્યા. અહીં યોગી આદિત્યનાથ સાથે ૧૫ મિનિટ સુધી ગંગા આરતી કરી. આ વેળાએ વડાપ્રધાન મોદી ગંગા આરતીમાં મગ્ન થઈ ગયા હતા. જે બાદ ૮ કિલોમીટર લાંબો રોડ-શો કર્યો હતો. આ પછી કાલભૈરવ અને બાબા વિશ્વનાથની ષોડશોપચાર કરીને વિશેષ પૂજા કરી હતી. પીએમની વારાણસીની આ ૫૧મી મુલાકાત છે.

## પાવાગઢમાં મૂર્તિઓ તૂટવાનો વિવાદ



# ગૃહ રાજ્યમંત્રી સાથેની બેઠક બાદ પણ જૈન સમાજ નારાજ, હર્ષ સંઘવીના ઘર પાસે ધરણાં

ભારત હેડલાઈન, તા.૧૮

૧૬ જૂન, ૨૦૨૪ના પાવાગઢ મહાકાળી મંદિરનાં જૂનાં પગથિયાંની બાજુમાં સ્થાપિત કરાયેલી ૫૦૦ વર્ષ જૂની જૈન તીર્થંકરની પ્રતિમાઓ હટાવી દેતાં હાલોલ, વડોદરા, સુરત સહિત રાજ્યભરમાં એના ઉગ્ર પ્રત્યાઘાત પડ્યા હતા. સુરત કલેક્ટર ઓફિસ બહાર જૈન સમાજે ધામા નાખ્યા હતા. જે બાદ તંત્રએ તાત્કાલિક પ્રતિમાઓને પુનઃ સ્થાપિત કરવાના આદેશો આપતાં કામગીરી શરૂ કરવામાં આવી હતી. જોકે આમ છતાં જૈનો તેમની માગણીઓ પર અડગ રહ્યા હતા, જેને પગલે આજે ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ ગાંધીનગરમાં જૈન પ્રતિનિધિમંડળ સાથે મિટિંગ કરી હતી. જો કે આ મિટિંગમાં જૈન સમાજની માંગણીઓ સંપૂર્ણપણે સ્વીકારવામાં ન આવતા હજુ પણ નારાજગી જોવા મળી રહી છે. હાલ જૈન સમાજે ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીની ઘર નજીક આવેલા પાર્લે પોઈન્ટના સરગમ શોપિંગ સેન્ટર ખાતે ધરણાં શરૂ કરી દીધા છે, જેને પગલે ચુસ્ત પોલીસ-બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે.

## રંગીલા રાજકોટમાં યાજ્ઞિક રોડ પર મહાદેવ આર્કેડમાં આવેલ પાપા લુઇસ પીઝાએ રાજકોટવાસીઓનો તોડ્યો વિશ્વાસ




# પાપા લુઈસ પીઝામાં અનલિમિટેડ વાસી ફાસ્ટફૂડની ઓફર!

## લોકોને વાસી ફાસ્ટફૂડ ખવડાવતા હોવાની ઉઠી બૂમ

ભારત હેડલાઈન, તા.૧૮

રાજકોટ શહેરના યાજ્ઞિક રોડ પર મ્યુનિસિપલ કમિશનરના બંગલા વાળા રોડ પર આવેલ પાપા લુઈસ પીઝામાં ફુડ જમવા આવેલ ગ્રાહકો સાથે વાસી પીઝા, સોસ, ચાઈનીઝ, પંજાબી, તેમજ વિવિધ પ્રકારના લિક્વિડમાં ભેળસેળ યુક્ત ખોરાક અને વાસી ફુડ ગ્રાહકોને ધાબડવામાં આવે છે તેવું બહાર આવવા પામ્યું હતું. જાણે પાપા લુઈઝ પીઝાના સંચાલકો દ્વારા અનલિમિટેડ વાસી ફૂડની ઓફર ચાલી રહી હોય તેવું ચર્ચાઈ રહ્યું છે. રાજકોટ મહાનગરપાલિકાની ફુડ શાખા વાર તહેવાર મીઠાઈ અને ડેરી સંચાલકોની ખાદ્ય ચીજોના નમૂના લઈ સસ્તી પ્રસિદ્ધિ મેળવી રહી છે. તેવામાં એક જીવતો જાગતો પુરાવો પાપા લુઈસ પીઝામાંથી મળી આવતા ગ્રાહકોના આરોગ્ય સાથે ચેડાં કરતા પાપા લુઈસ પીઝાના સંચાલક ઉપર ક્યા અધિકારી અને નેતાની અસીમકૃપા વરસી રહી છે તેવા સવાલો ઉઠ્યા છે. આ અગાઉ પણ જલેબીમાંથી કિડો નીકળતા ગ્રાહકોમાં સવાલ ઉઠ્યો હતો. પરંતુ આ પીઝાના સંચાલક સામે કોઈ ગ્રાહક દ્વારા ફરિયાદ નહીં કરાતા તેમને સહેલાઈથી ગ્રાહકો સાથે કરતા ચેડાં સામે તંત્ર આંખ મીંચામણાં કરી રહ્યાં હોવાનું ચર્ચાઈ રહ્યું છે. શું તંત્ર દ્વારા કોઈ કડક પગલાં લેવાશે.. તેવો રાજકોટવાસીઓ સવાલ ઉઠાવી રહ્યાં છે.

ભારત હેડલાઇન GROUND REPORT

**ભારત હેડલાઇનની ટીમે ખરાઈ કરતા નીકળ્યું વાસી ખોરાક ધાબડવાનું મસમોટું કારસ્તાન**



# જોડિયા તાલુકામાં જગતના તાત સાથે અન્યાય કેમ ?

**આશરે ૧.૨૫ લાખની વસ્તી ધરાવતા જોડીયા તાલુકાના ધરતીપુત્રોને કૃષિ આધારિત ખેતીમાંથી ઉત્પાદન કરેલ પાકને બજારમાં જોડીયા માર્કેટ યાર્ડને બદલે ૫૦થી ૭૫ કિ.મિ. અંતર કાપી જામનગર–ધ્રોલ–રાજકોટ વેંચવા જવું પડે છે**



# ડબલ એન્જિન સરકારની ગાડીમાંથી જોડિયા તાલુકાનો વિકાસ પાટા પરથી ઉતરી ગયો !?

ભારત હેડલાઇન, તા.૧૮
ગુજરાત રાજયના સૌરાષ્ટ્રમાં આવેલ જામનગર જિલ્લો ખેતી ક્ષેત્રે વિકાસશીલ ગણાય છે.રાજ્યનાં ખેતીક્ષેત્રનું ઉત્પાદન મહદ અંશે દક્ષીણ-પશ્ચિમ ચોમાસા પર આધારિત છે. તેમજ જામનગર જિલ્લાની ખેતી મહદ અંશે ચોમાસા પર આધારીત છે. જામનગર અને જોડિયા તાલુકોના સાગરકાંઠાના ગામોની જમીન ખારાશવાળી રહેલ છે. તે સીવાયના ગામોની જમીન ફળદ્રપુ છે. જામનગર જિલ્લામાં મુખ્યપાકો તરીકે કપાસ, મગફળી, બાજરી, ઘઉં, જીરૂ, ચણા વિગેરે પાક લેવામાં આવે છે.
પરંતુ આશરે ૧.૨૫ લાખની વસ્તી ધરાવતા જોડીયાના તાલુકાના ધરતીપુત્રોને કૃષિ આધારિત ખેતીમાંથી ઉત્પાદન કરેલ પાકને બજારમાં જોડીયા માર્કેટયાર્ડને બદલે ૫૦ થી ૭૫ કિ.મિ. અંતર કાપી જામનગર-ધ્રોલ-રાજકોટ વેંચવા જવું પડે છે. ભુતકાળમાં



જોડીયામાં નવું માર્કેટ યાર્ડ બનાવ્યુ પણ તેમાં કોઈ દલાલો ખેડુતોનો માલ લેવા આવતા ન હોવાથી ખેડુતોને પણ ન પોસાય તેવા ભાડા આપી બીજા માર્કેટ યાર્ડમાં તેનો તૈયાર થયેલ પાક લઈ જવામાં આવે છે. ખેડુતને જગતનો તાત કહેવામાં આવે છે. તો જોડિયામાં તાલુકામાં જગતના તાત સાથે અન્યાય કેમ ? આ તાલુકામાં માત્રને માત્ર એક આઈ.ટી.આઈ અને વર્ષો જુની હાઈસ્કુલ આવેલ છે. તેમજ કોઈ ગ્રાન્ટેડ -અનુદાનિત કે ખાનગી અથવા સરકારી કોલેજ આવેલી નથી. દિકરી-દિકરાને શિક્ષણ આપવા માટે વાલીઓને પેટે પાટા બાંધવા પડે છે. હોસ્પિટલની સ્થિતિ પણ દયનીય છે. જોડીયા તાલુકાના લોકોને માંદગીવેળાએ પણ બહુ મોટા પ્રમાણમાં મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. આરોગ્યની જાળવણી કરવા માટે જામનગર અથવા રાજકોટ આવવું પડે છે. આ જોડીયાવાસીઓને કરવો પડે છે. અને આ જોડિયા તાલુકાનું મુખ્ય મથક જયા આસપાસના ગામોના નાગરિકો-અરજદારો પોતપોતાના કામ માટે જાહેર કચેરીએ આવતા હોય તેને બપોરના સમયે જોડીયાની બજારમાં જમવાનું પણ નથી મળતું. શું જોડિયા તાલુકાના જનપ્રતિનિધિ દ્વારા નથી. જોડીયા વિસ્તારની નથી લેવાતી મુલાકાત ?

# રાજકોટને ૨૪ કલાક પાણી મળવાની આકાશી યોજના પર મનપાનું પાણીઢોળ

## સૌની યોજનાના સહારે માંડ ૨૦ મીનીટ પાણી આપતી RMC પાણીમાં બેઠી



## મહાનગરમાં મીટરથી પાણી વિતરણ હાલ શક્ય જ નથી તો વધુ ખર્ચ શા માટે? સ્ટે.ચેરમેન જયમીન ઠાકરનો હિંમતભર્યો નિર્ણય

- **ચંદ્રેશનગર ઝોનના મીટરની જાળવણી માટે ૫૮ લાખના ખર્ચની દરખાસ્ત કરતા શાસકોએ ફગાવી દીધી**
- **૨૦૧૮માં પાયલોટ પ્રોજેકટ હેઠળ નળ પર ૧૪૦૦૦ મીટર બેસાડવા રૂ.૬ કરોડનો ખર્ચ !!**
- **૨૦૧૦માં સર્વેશ્વર ચોકમાં મલ્ટીલેવલ પાર્કિંગના તૈયાર કરેલા દોઢ દાયકા જૂના પ્રોજેકટને શાસકોએ જ ટોઇંગ કરી લીધો**

ભારત હેડલાઇન, તા.૧૮

લોકસભાની ચૂંટણી આચારસંહિતા પુરી થયા બાદ આજે ત્રણ મહિને મળેલી સ્ટે.કમીટીની મીટીંગમાં ચેરમેન જયમીન ઠાકરે કેટલાક મહત્વના અને બોલ્ડ નિર્ણયો કર્યા છે.

રાજકોટમાં ૨૦૧૦ના વર્ષમાં સર્વેશ્વર ચોકમાં મલ્ટીલેવલ પાર્કિંગનો બનાવવામાં આવેલો પ્લાન આજે સ્થાયી સમિતિએ નામંજૂર કરી દીધો છે. તો છ વર્ષ પહેલા રાજકોટમાં ૨૪ કલાક પાણી આપવા માટે બનાવવામાં આવેલી મીટરથી પાણી આપવાની યોજના ઉપર પણ વાસ્તવિકતા સ્વીકારીને પાણીઢોળ કરવાનો નિર્ણય લેવો પડયો છે. ૨૦૧૮ના વર્ષમાં ૬ કરોડ જેટલો ખર્ચ થઇ ગયો હોય, હવે યોજના આગળ વધારવી શકય ન હોય, વર્ષે અર્ધો કરોડના મેન્ટેનન્સની દરખાસ્ત નામંજૂર કરાયાનું બેઠક બાદ ચેરમેન જયમીન ઠાકરે જાહેર કર્યુ હતું.

### મલ્ટીલેવલ પાર્કિંગ પણ નામંજૂર

આ બંને ચર્ચાસ્પદ દરખાસ્ત અંગે લેવાયેલા નિર્ણય વિશે માહિતી આપતા સ્ટે.કમીટીના ચેરમેને કહ્યું હતું કે શહેરના વોર્ડ નં.૮ પાર્ટ, ૧૧ પાર્ટ અને ૧૩ પાર્ટમાં ચંદ્રેશનગર હેડવર્કસ આધારીત વિસ્તારોમાં હાઉસ હોલ્ડ અને બલ્ક ફલોમીટરના ઓપરેશન અને મેન્ટેનન્સ, રીડીંગ અને બીલીંગના કામ માટે એક વર્ષનું ૫૮.૩૨ લાખનું ખર્ચ કરીને એજન્સીને કોન્ટ્રાકટ આપવા દરખાસ્ત આવી હતી. પરંતુ વાસ્તવમાં આ યોજના ચંદ્રેશનગરથી આગળ વધી શકી નથી.

મીટરથી પાણીની યોજના આજની તારીખે રાજકોટમાં આગળ વધારવી શકય પણ નથી. નજીકના ભવિષ્યમાં અન્ય વોર્ડમાં મીટર બેસાડવા કોઇ પ્લાનીંગ નથી. આથી આ કોન્ટ્રાકટ માટે વર્ષે ૫૮ લાખનો ખર્ચ કરવો વ્યાજબી લાગતો નથી. ઉલ્લેખનીય છે કે રાજકોટમાં ૨૪ કલાક પાણી વિતરણની વાત લગભગ દાયકાથી થાય છે અને છ વર્ષ પહેલા ચંદ્રેશનગર હેઠળના જુના વોર્ડ નં. ૧૩માં આવેલા જુદા જુદા વિસ્તારમાં ૧૪ હજાર મકાનોમાં પાણીના બલ્ક ફલોમીટર પણ મૂકવામાં આવ્યા હતા. પરંતુ તેનો ઉપયોગ આજ સુધી થયો નથી.

માત્ર ટ્રાયલ થઇ છે. રાજકોટને રોજ ૨૦ મીનીટ પાણી માટે પણ સરકારની સૌની યોજનાનો આધાર છે ત્યારે આ યોજના આગળ વધારવા સામે કાયમ સવાલ ઉઠતા હતા.

ગત તા.૧૩-૪-૧૮માં ૫.૯૫ કરોડના ખર્ચે મીટર ઈન્સ્ટોલ કરવામાં આવ્યા હતા. જેનો કોઇ ઉપયોગ થઇ શકયો નથી. આથી વધારાનું મેન્ટેનન્સ ખર્ચ ચડાવવાનું હાલની બોડીને યોગ્ય લાગ્યું નથી.

# TRP ગેમઝોન અગ્નિકાંડમાં ડમી મિનિટસ બૂક મામલે સસ્પેન્ડેડ TPO સાગઠીયાના છ દિવસના રિમાન્ડ મંજૂર

ભારત હેડલાઇન, તા.૧૮

રાજકોટના ગેમ ઝોનના અગ્નિકાંડ બાદ રાજકોટ મહાનગરપાલિકાના TPO મનસુખ સાગઠીયાને પોલીસ દ્વારા ધરપકડ કરવામાં આવી હતી. અને બાદમાં તેઓના ૧૪ દિવસના રિમાન્ડ મજૂર કરવામાં આવ્યા હતા અને તેઓના રિમાન્ડ પૂર્ણ થતા તેઓને જેલ લવ હાલે કરવામાં આવ્યો હતો.

નકલી મિનિટસ બુકમાં ૨૧ જેટલાં કર્મચારીઓની સહીઓ કરી હોવાનો ધડાકો થયો ક્રાઈમ બ્રાન્ચની તપાસમાં થયો હતો. બાગમાં આજે ક્રાઈમ બ્રાન્ચ દ્વારા



ફરીથી મનસુખ સાગઠીયાનો જેલમાંથી હવાલો લેવામાં આવ્યો હતો અને તેઓને કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો અને રાજકોટ પોલીસ દ્વારા તેઓના સાત દિવસના રિમાન્ડ માંગવામાં આવ્યા હતા. અને કોર્ટ દ્વારા તેઓના આજે છ દિવસના રિમાન્ડ મંજૂર કરવામાં આવ્યા છે.

મનસુખ સાગઠીયા દ્વારા આગ લાગ્યાની ઘટનાની રાત્રે જ પોલીસ પુછપરછથી બચવા માટે અને ધરપકડ ન થાય તે માટે પૂર્વ આયોજિત કાવતરું રચીને મીનીટ્સ બુકમાં ટીપી શાખાના કર્મચારીઓને સહી કરવા દબાણ કર્યુ હતું અને આ નકલી મીનીટ્સ બુક પૂર્વ ટીપીઓ સાગઠીયા દ્વારા જ તૈયાર કરવામાં આવી હતી.

# રાજકોટમાં ફૂડ વિભાગની કાર્યવાહી, અમૂલ તાજા દૂધ અને આઈસ્ક્રીમના ૪ સ્થળેથી નમૂના લેવાયા

## ૧૫ નમુના સ્થળ ચકાસણી કરાઇ; ૧૨ને લાયસન્સ બાબતે નોટિસ

ભારત હેડલાઇન, તા.૧૮

રાજકોટ મનપાની ફૂડ શાખા દ્વારા ખાદ્યપદાર્થોમાં થતી ભેળસેળ અટકાવવા માટે સમયાંતરે ચેકિંગ કરવામાં આવતું હોય છે. ત્યારે આજે હાથ ધરાયેલા ચેકિંગમાં ડેરી અને આઈસ્કીમના ધંધાર્થીઓને ત્યાંથી ૪ નમૂના લેવાયા હતા. જેમાં અમૂલ તાજા દૂધ અને આઈસ્કીમ સહિતના જુદા જુદા ૪ નમુના લેવામાં આવ્યા હતા. તો સાથે જ ૧૫ જેટલા નમુનાની સ્થળ પર ચકાસણી કરીને ૧૨ને લાયસન્સ બાબતે નોટિસ આપવામાં આવી હતી. પ્રાપ્ત વિગત મુજબ રાજકોટ મનપાના ફૂડ વિભાગ દ્વારા સર્વેલન્સ ચેકિંગ દરમિયાન નિર્મલા રોડ, ફાયર બ્રિગેડ સામે, આવેલા તીરૂપતિ મદ્રાસ કાફેની તપાસ કરતા પેઢીને યોગ્ય સ્ટોરેજ, હાઈજેનિક કન્ડિશન જાળવવા





મહિલા કોલેજ અંડરબ્રિજ ઉપર, કાલાવડ રોડ ઉપર આવેલા બેંગાલ સ્વીટ્સની તપાસ કરતા પેઢીને યોગ્ય સ્ટોરેજ, હાઈજેનિક કન્ડિશન જાળવવા તથા લાયસન્સ સ્થળ પર દર્શાવવા બાબતે નોટિસ આપવામાં આવી હતી. ઉપરાંત ફૂડ વિભાગની ટીમ દ્વારા ખાસ FSW વાન સાથે સર્વેલન્સ ચેકિંગ દરમિયાન શહેરના પ્રેમ મંદિર સામે હોકર્સ ઝોન-કાલાવડ રોડ વિસ્તારમાં ખાદ્યચીજોનું વેચાણ કરતાં કુલ ૨૦ ધંધાર્થિઓની ચકાસણી હાથ ધરવામાં આવી હતી. જેમાં ૧૨ ધંધાર્થિઓને લાઈસન્સ બાબતે સૂચના આપવામાં આવી હતી. તેમજ ખાદ્ય ચીજોના કુલ ૧૫ નમૂનાની સ્થળ પર ચકાસણી કરવામાં આવી હતી.

નમુનાની કાર્યવાહી

અમુલ તાજા દૂધ (500ML PKD)નો ઉમિયા ડેરી એન્ડ પ્રોવિઝન સ્ટોર, ભારતીનગર શેરી નં.૨, ગાંધીગ્રામ. હોકો કેસર પિસ્તા આઈસ્કીમ (700ML PKD)નો દર્શન એન્ટરપ્રાઇઝ, શેડ નં.૧, પ્લોટ નં.૯, સમ્રાટ ઇન્ડ. એરીયા મેઇન રોડ, ગોંડલ રોડ. નેચરલ કેસર પિસ્તા આઈસ્કીમ (1.5KG PKD)નો ક્રીમ ઝોન, નેચરલ્સ, G.f -03, સ્પેસ ઓડીસી, કે.કે.વી. હોલ પાસે. નેચરલ સ્પાઈસ ગ્વાવા આઈસ્કીમ (1.5KG PKD)નો ક્રીમ ઝોન, નેચરલ્સ, G.f -03, સ્પેસ ઓડીસી, કે.કે.વી. હોલ પાસેથી લઈ પરીક્ષણ માટે લેબોરેટરીમાં મોકલી આપવામાં આવ્યા હતા.

# આનંદનગર ક્વાર્ટર્સનાં રહીશોની મ્યુ. કમિશનરને રજૂઆત, નળ કે વીજ જોડાણ ન કાપવા માગણી

ભારત હેડલાઇન, તા.૧૮

રાજકોટનાં આનંદનગર ક્વાર્ટર્સનાં રહેવાસીઓ દ્વારા આજે મનપા કમિશનરને રજૂઆત કરવામાં આવી હતી. જેમાં હાઉસિંગ બોર્ડ દ્વારા આપવામાં આવેલી નોટિસ સામે સહાનુભૂતિ પૂર્વક માનવીય અભિગમ અપનાવવા માંગ કરવામાં આવી હતી. આ માટે ક્વાર્ટર્સ ધારકોને રિપેરિંગ માટે ત્રણ મહિનાનો સમય આપવા, તેમજ આ સમય દરમિયાન નળ કે વીજ જોડાણ નહીં કાપવા અને તમામ ક્વાર્ટરને બદલે માત્ર ક્ષતિગ્રસ્ત હોય તે ક્વાર્ટર્સનું રિપેરિંગ કરાવવા સહિતની વિવિધ માંગ કરવામાં આવી હતી. સાથે ચોમાસામાં કોઈ દુર્ઘટના ન બને તે માટે સંપૂર્ણ સતર્ક રહેવાની ખાતરી આપી હતી. જોકે, આ અગાઉ મનપાએ દૂધસાગર રોડનાં ક્વાર્ટર્સ ખાલી કરાવ્યા છે. ત્યારે હવે આનંદનગરનાં રાગેવાસીઓને આવી વિશેષ છૂટ આપવામાં આવે છે કે કેમ તે જોવું રહ્યું.

રાજકોટની રૂડા કચેરીએ આજે કોંગ્રેસનાં શહેર પ્રમૂખ અતુલ રાજાણી સહિતનાં આગેવાનો ફાયર સેફ્ટીને લઇ રજૂઆત માટે પહોંચ્યા હતા. જોકે, આ કચેરીમાં તો અગ્નિશામક યંત્રો હતા. આ સમયે ચીફ એક્ઝિક્યુટિવ એન્જિનિયર જી. વી. મિયાણીને રજૂઆત કરતા જણાવ્યું કે, શા માટે તમામ ખાનગી સંકુલો સહિતની કચેરીને ડાયરેક્ટ સીલ કરી દેવામાં આવે છે. રૂડા કચેરીને સીલ કરી દેવી જોઈએ. આ સમયે મિયાણીએ જણાવ્યું હતું કે, ૧૦૮ કચેરી રૂડા દ્વારા સીલ કરવામાં આવી હતી. જેમાંથી ૪૭ કચેરીના સીલ ખોલી દેવામાં આવ્યા છે. જેમાં મોટાભાગે શૈક્ષણીક સંકુલો છે, જેમની સામે પણ નોટિસ બાદ જ કાર્યવાહી કરવામાં આવેલી છે.

## 'નરાધમ સાધુને ભગાવો, વડતાલ ગાદી બચાવો'

# 'અમે ધોતિયાં ઉતારી ધોળાં કપડાં પહેરાવી રોડે ચડાવવા માટે જ આવ્યા છીએ'

■ સુરતમાં હરિભક્તોનો બેનરો સાથે વિરોધ

ભારત હેડલાઇન, તા.૧૮

સ્વામિનારાયણ સંપ્રદાયના તીર્થધામ વડતાલ તાબાનાં મંદિરોમાં એક પછી એક વિવાદ થતાં જ રહે છે. ખાસ કરીને સ્વામિનારાયણ સંપ્રદાયના વડતાલ તાબાનાં મંદિરોના સ્વામી દ્વારા સ્ત્રીઓ સાથે સંપર્ક રાખવાની સાથે સાથે દુષ્કર્મ, સૃષ્ટિ વિરુદ્ધના કૃત્ય પણ આચરવામાં આવતાં હોવાને લઈને હરિભક્તોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. આજે આચાર્ય પક્ષના સમર્થક મહિલાઓ અને પુરુષો દ્વારા સુરત જિલ્લા કલેક્ટર કચેરી ખાતે બેનરો સાથે ઉગ્ર રજૂઆત કરવામાં આવી હતી. આ તકે આચાર્ય પક્ષના સમર્થક હસુ વાઘાણીએ જણાવ્યું હતું કે અમે આવા લંપટ સાધુઓનાં ધોતિયાં ઉતારી ધોળાં કપડાં પહેરાવી રોડે



ચડાવવા માટે જ આવ્યા છીએ.

આચાર્ય પક્ષના સમર્થક હસુ વાઘાણીએ જણાવ્યું હતું કે અમે સ્વામિનારાયણ સંપ્રદાયમાં આ જે કહેવાતા સાધુઓ સમાજ સુધારવા નીકળ્યા એ પોતે જ વંઠી ગયા હોઈ એટલે એ વંઠી ગયેલા સાધુઓને અમે સંપ્રદાયમાંથી હાંકી કાઢવા માટે, ખરાબ ધંધા કરતા હોય તેને હાંકી કાઢવા અને તેને ધોળાં કપડાં પહેરાવી ને ધોતિયાં ઉતારી ધોળાં કપડાં પહેરાવી રોડે ચડાવવા માટે જ આવ્યા છીએ. અમારી એક જ માગ છે કે આને કાઢો, અમે છેલ્લા ૬ મહિનાથી તો એવી જાગૃતિ ઉપાડી છે કે રોડે નીકળે અને ભાળો તેને પહેરાવી દેવા અમે ૧૦ જોડી કપડાં સાથે જ રાખીશું. અમને ખબર પડશે કે આમણે ખોટાં કામ કર્યાં છે તો તેને ધોળાં કપડાં પહેરાવી દઈશું.

દેવ પક્ષના હાલના ટ્રસ્ટીઓની સામે આચાર્ય પક્ષ દ્વારા ફરી એક વખત બાયો ચઢાવવામાં આવી છે. ટ્રસ્ટીઓ દ્વારા ભગવાનને કલંકિત કરતા હોય એવી ઘટનાઓ સામે આવી રહી છે. દેવ પક્ષના ટ્રસ્ટીઓને લંપટ અને વર્ણશંકર સાધુઓ તરીકે સંબોધવામાં આવી રહ્યા છે.

## ભારત હેડલાઇનના અખબારી અહેવાલોની તંત્રએ લીધી નોંધ

# મનપાના TPO સાગઠીયાના કાળા કરતૂતો કરતા પણ વધુ ચોંકાવનારા કૌભાંડો ATP રાજેશ મકવાણા દ્વારા કરાયાં હોવાની શક્યતા !?

- વાંકાનેર તાલુકામાં જે જમીન ૧૯૫૩માં દાતાઓ દ્વારા મુસ્લિમ સમુદાયના ભુમિહીનોને ભુદાનમાં મળેલ હતી તે જમીનની ખરીદી કરી તેમા પરિવારોના નામો પણ સમાવેશ કરી દીધા !?
- મોરબી જિલ્લા કલેકટર દ્વારા પણ તેમની વાંકાનેરમાં ભૂદાનમાં લીધેલ જમીનની પણ તપાસ આરંભાઈ

### રાજકોટ મનપાના વોર્ડ નં.૯ ના આસિસ્ટન્ટ ટાઉન પ્લાનર રાજેશ મકવાણા આખરે સકંજામાં

### પોતાના કાર્યક્ષેત્ર ઉપરાંત TPOના બંગલાને આપી હતી બિનકાયદેસર મંજૂરી

### ખાતાના વડાને અંધારામાં રાખી ભુદાનની જમીન મેળવી આચાર્ય હતું મસમોટું કૌભાડ !?



### SITની તપાસમાં પણ તેમના જમીન જેવા કૌભાડોની થઈ શકે છે તપાસ

ભારત હેડલાઇન, તા.૧૮

ગુજરાત રાજય સેવા (વર્તણૂંક) નિયમો, ૧૯૭૧ની જોગવાઈ અનુસાર કોઈપણ સરકારી કર્મચારી તેની સરકારી ફરજો અદા કરવામાં મુંઝવણ ઉભી કરે અથવા અસર કરે એવું કોઈ રોકાણ કરી શકે નહિ અથવા તેના કુંટંબના કોઈપણ સભ્યને તેમ કરવાની છુટ આપી શકશે નહિ. તેમજ જીસીસી રૂલ્સ-૧૯૭૧ના નિયમ -૨૧ અનુસાર પણ કોઈપણ સરકારી કર્મચારી જેમાં તે નોકરી કરતા હોઈ અથવા તે તત્પુરતો તેને નોકરીમાં રાખવામાં આવ્યો હોઈ તે ખાતા અથવા કચેરીના હુકમો દ્વારા અથવા તે હેઠળ જે-તે સમયે અમલમાં હોઈ એવા કાયદાની જોગવાઈઓ અનુસાર વેંચવામાં આવે અથવા હરાજી કરવામાં આવે તેવી કોઈ મિલ્કત જાતે કે એજન્ટ દ્વારા અથવા તેના પોતાના નામે કે બીજાના નામ પર અથવા સંયુક્ત રીતે કે બીજાઓની સાથે ભાગમાં ખરીદી શકશે નહિ કે હરાજીમાં તેને માટે બોલી મુકી શકશે નહિં તેવું સ્પષ્ટ જણાવેલ છે.પ્રશ્ન એ છે કે રાજકોટ મહાનગરપાલિકાના એક આસિસ્ટન્ટ ટાઉન પ્લાનર દ્વારા જે ખાતામાં તેઓ સેવા આપે તે ખાતાના વડાને પણ અંધારામાં રાખી ભુદાન સમિતિ દ્વારા વાંકાનેર તાલુકામાં જે જમીન ૧૯૫૩માં દાતાઓ દ્વારા મુસ્લિમ સમુદાયના ભુમિહીનોને ભુદાનમાં જમીન મળેલ હતી તે જમીનની ખરીદી કરી તેમા પરિવારોના નામો પણ સમાવેશ કરી દિધા. શું સરકાર અંધારામાં કે આંખ આડા કાન ? મનપાના અઝઙ એ ભૂદાનમાં મળેલ જમીનને પોતાના નામે કરી લેવાનું મસ મોટું કૌભાડ આચર્યુ હોવાનું સામે આવ્યુ છે. અગ્નીકાંડ બાદ પોતાના કાર્યક્ષેત્રમાં કરેલી કીમિયાગીરી , સાથોસાથ પરિવાર માટે કરી જમીન ખરીદી કરેલ છે. ભૂદાનમાં મળેલ જમીન કાળાંધોળા કરી પોતાના પરિવારના નામે કરી લીધી હોવાનું સામે આવ્યું છે. પરિવારના નામે કરાયેલ જમીનના માલિકોમાં બે વ્યક્તિ સરકારી કર્મચારી હોવાનું ખુલવા પામ્યું છે. વાડીના ગાડા માર્ગે ચાલતું મરઘાં ઉછેર કેન્દ્ર કોનું તે પ્રશ્ન ઉઠવા પામ્યો છે. જમીન પોતાના નામે કરવા ગ્રામ પંચાયતના રેકર્ડ સાથે કરી હશે કીમિયાગીરી.. કારણ કે પચાવેલ કે ખરીદેલ આ જમીન કોઈના નામે ટ્રાન્સફર ના કરી શકાય.. તેવો સરકારી નિયમ હોય, તપાસ થાય તો કરોડો રૂપિયાની છેતરપિંડી અને પોતાના ફરજ વિસ્તારમાં કરેલ અનેક કાળા કરતૂતો સામે આવે તેમ છે. કલેકટર, નાયબ કલેકટર, મામલતદાર, મહેસૂલી તલાટી વિગેરે અંધારામાં કે ભાગ બટાઈ તેવું લોકો પૂછી રહ્યા છે. રાજકોટ મનપાના એક અઝઙ એ ભૂદાનમાં મળેલ જમીન કાળાંધોળા કરી પોતાના પરિવારના નામે કરી લીધી હોવાની વાત સામે આવી છે. નામે કરવા ગ્રામ પંચાયતના રેકર્ડ સાથે આ અધિકારીએ કરી હશે કીમિયગીરી કારણ કે પચવેલ કે ખરીદેલ આ જમીન કોઈના નામે ટ્રાન્સફર ના કરી શકાય.. તેવો સરકારી નિયમ છે. આ અધિકારી સામે તપાસ થાય તો કરોડો રૂપિયાની છેતરપિંડી અને પોતાના ફરજ વિસ્તારમાં કરેલ અનેક કાળા કરતૂતો સામે આવે તેમ હોવાનું લોકમુખે ચર્ચાઈ રહ્યું છે. સંત વિનોબા ભાવેએ ભૂદાન ચળવળ હેઠળ ગરીબ ખેતમજુરો માટે જમીનદારો પાસેથી દાનથી જમીન મેળવી ખેતમજુરોને અપાવી હતી તે જમીનો વેચી મારવાનો કારસો ચાલી રહ્યો છે. ભુદાનમાં મળેલ જમીન ખેડી ન શકીએ તો સરકારને જમીન પરત કરવી પડે છે. ભૂદાનની જમીન 'બિનખેતી' થઈ શકતી નથી. જો કોઈ સંજોગોમાં તે બિનખેતી કરવી પડે તો ફરજિયાત રીતે સરકારની મંજુરી લેવી પડે છે. જો આ જમીન ખેડવી ન હોય તો તે સરકારને પરત કરવી પડે છે. આ જમીન ઉપર જેને જમીન ફાળવાઇ હોય તે જ ખેતી કરી શકે છે. સરકારની પૂર્વ મંજુરી વગર ભૂદાનની જમીનનો નિકાલ થઈ શકે નહીં. મહેસૂલ વિભાગના પત્રમાં એ વાતનો પણ ઉલ્લેખ છે કે ભૂદાન સમિતિ જેવી કોઈ સંસ્થા હયાત નથી, માટે આ સંસ્થા પ્રમાણપત્ર આપી શકતી નથી.ખેડૂત સામે પણ કાર્યવાહી થઈ શકે. સરકારશ્રીના મહેસુલ વિભાગના ઠરાવની જોગવાઈ મુજબ જો કોઈ ખેડૂત પોતાની પાસે રહેલી ભૂદાનની જમીન વેચી નાખે તો સામાન્ય જમીનના કાયદા મુજબ તેની સામે કાયદેસરની કાર્યવાહી થઈ શકે છે. સરકારી જોગવાઈ મુજબ ભૂદાનમાં મળેલી જમીનના ૭-૧૨ અને ૮- અના ઉતારામાં 'ભૂદાન સમિતિ તરફથી' આ લખવું ફરજિયાત છે. મહેસૂલ વિભાગમાં તા ૩-૧૧-૮૮ના પત્રક ક્રમાંક ભદન-૨૭૮૪-૧૭૭૯-ક મુજબ ૭-૧૨ના ઉતારા માંથી ભૂદાન હટાવી શકાય નહીં. તે કયારેય કમી થઈ શકે નહીં. જો કે ભૂદાન સમિતિ ૭-૧૨ના ઉતારામાંથી પોતાનો હક-દાવો જતો કરવા માટે 'ના વાંધા પ્રમાણપત્ર' આપે છે, જે ખોટું છે.

ભૂદાનમાં આપેલી જમીન અંગેની શરતો બાબતે આપેલી સૂચનાઓમાં સ્પષ્ટપણે જણાવવામાં આવેલું છે કે ભૂદાનની જમીન દાનમાં મેળવનાર વ્યક્તિ દાન આપનાર વ્યકિતને પ્રાપ્ત એવા તમામ અધિકારો તે જમીન ઉપર ધરાવી શકે છે. એટલે જો દાન આપનાર વ્યક્તિની જમીન મૂળ નવી અને અવિભાજ્ય શરતની હોય તો તેટલા જ મર્યાદિત હક્કો દાન મેળવનાર વ્યકિતને હોય અને અને પ્રાપ્ત થાય. વળી જો દાન આપનારની જમીન જૂની શરતની હોય તો દાન મેળવનાર વ્યકિત/પૂરા હક્કવાળી મેળવશે. વધુમાં ભૂદાનમાં આપવામાં/મેળવવામાં આવેલી જમીન ખાતેદારે જાતે ખેડવાની હોય છે. આ જમીન વેચવાની, ભાગે કે સાંથેથી આપવાની હોતી નથી તેમજ પડતર પણ રાખવી નહીં એવી શરતે અપાયેલી હોય છે. તે સંજોગોમાં આ જમીનનું વેચાણ કરવામાં આવે તો ટ્રાન્સફર કે અન્ય ત્રાહિતના કબજે સોંપવામાં આવે તો ચોકક્સપણે શરતનો ભંગ થાય. આમ ભૂદાનમાં મેળવવામાં આવેલ જમીન તેવા જમીન ધારણ કરનાર વેચી કે તબદીલ કરી શકે નહીં. તે સંજોગોમાં આ જમીન અંગે સત્તા પ્રકાર મૂળ જે હોય તે જ રહે છે. તેથી ભૂદાનમાં મેળવવામાં આવેલી જમીનને જે તે જમીન ધારણ કરનાર કોઈપણ સંજોગોમાં વેચી શકશે નહીં તેવી રેવન્યુ રેકર્ડમાં ફેરફાર એન્ટ્રી પાડવી જોઈએ અને બીજી જે પણ કાર્યવાહી કરવાની થાય તે પણ સરકારશ્રીએ આપેલી સૂચનાઓ મુજબનો અમલ કરવાનો રહેશે. શું તંત્ર આ બાબતે અજાણ છે કે આંખ આડા કાન કરી રહ્યું છે !!?

### જેતપુર નજીક સોરઠ હોટલ પાસે કૌભાંડ ચાલતું હતું

# દૂધ ચોરી : ૧૦ હજાર લીટરના ટેન્કરમાંથી ૫૦૦ લીટર દૂધ કાઢી પાણી ઉમેરી દેવાતું

ભારત હેડલાઈન, તા.૧૮

જેતપુર નજીક સોરઠ હોટલ પાસે ચાલતા દૂધ ચોરીના કૌભાંડનો રાજકોટ રૂરલ ક્રાઈમ બ્રાંચે પર્દાફાશ કર્યો છે. ૬ આરોપી પકડાયા છે. આરોપીઓ ૧૦ હજાર લીટરના ટેન્કરમાંથી ૫૦૦ લીટર દૂધ કાઢી, ૫૦૦ લીટર પાણી ઉમેરી દેતા હતા. દરરોજ સુરેન્દ્રનગરથી જૂનાગઢ ડેરીમાં દૂધની સપ્લાય થતી હતી.

પોલીસે ૨૪.૪૩ લાખના મુદ્દામાલ સાથે ૬ શખ્સની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે. એલસીબીના સૂત્રોએ જણાવ્યું કે, રાજકોટ જિલ્લા નાયબ પોલીસ મહાનીરીક્ષક જયપાલસિંહ રાઠોડએ આપેલ સુચના મુજબ એલ.સી.બી. પીઆઈ વી.વી. ઓડેદરા માર્ગદર્શન હેઠળ એલ.સી.બી. સ્ટાફ પેટ્રોલીંગમાં હતો. તે દરમ્યાન પીએસઆઇ ડી.જી. બડવા, હેડ કોન્સ્ટેબલ દિવ્યેશભાઈ સુવા, રાજુભાઈ સાંબડા, નિલેશભાઈ ડાંગર, હરેશભાઈ પરમારને સંયુક્ત બાતમી હકિકત આધારે જેતપુર તાલુકા પોલીસ સ્ટેશન વિસ્તારમાં જેતપુર જુનાગઢ






### દરરોજ સુરેન્દ્રનગરથી જૂનાગઢ માહી ડેરીમાં દૂધની સપ્લાય થતી હતી, રાજકોટ રૂરલ એલસીબીએ દરોડો પાડ્યો'તો : ૨૪.૪૩ લાખના મુદ્દામાલ સાથે ૬ શખ્સની ધરપકડ

નેશનલ હાઈવે ઉપર આવેલ સોરઠ હોટલના કમ્પાઉન્ડમાં પાછળના ભાગે માહી ડેરીના દુધના ટેન્કરમાંથી દુધની ચોરી કરી દુધમાં ભેળસેળ કરતા છ શખ્સને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરી હતી. આ અંગે ફડ એન્ડ ડ્રગ્સ વિભાગના અધિકારીઓને સ્થળ પર બોલાવી યોગ્ય પરીક્ષણ કરી ગુન્હો નોંધવામાં આવ્યો હતો. પકડાયેલ આરોપીઓમાં (૧) હીરા ગોવિંદ કલોતરા, રહે.જુનાગઢ મધુરમ વિસ્તાર, (૨) જસા ગોવિંદ કલોતરા, રહે. જુનાગઢ જોષીપુરા વિસ્તાર, (૩) અર્જુન રમેશ ભારાઈ, રહે. જુનાગઢ મધુરમ વિસ્તાર, (૪) બલીરામ લાલબહાદુર વિશ્વકર્મા, રહે.સીસવાન તા.પીન્ડરા,જી. વારાણસી, (૫) રાજુ ગુલાબ યાદવ, રહે. સીસવાન તા.પીન્ડરા, જી. વારાણસી, ઉત્તર પ્રદેશ, (૬) ભીખુ ઘેલા રામાણી, રહે.પીઠડીયા ટોલ નાકા તા.જેતપુરનો સમાવેશ થાય છે, જ્યારે બાલુ ઉર્ફે ઘેલીયો પરબતભાઈ કોડીયાતર (રહે.જુનાગઢ ગાંધીગ્રામ) ફરાર થઈ જતા તેની શોધખોળ હાથ ધરવામાં આવી છે.

પોલીસે એક ટેન્કરમાંથી ૧૧,૯૨૫ લીટર દૂધ અને બીજા ટેન્કરમાંથી ૧૬,૮૨૦ લીટર દૂધ, બોલેરો પીકપમાંથી ૫૦૦ લીટર દુધ મળેલ. ૭ મોબાઈલ ફોન, ૪ પ્લાસ્ટિકના ટાંકા, ૪ ઇલેક્ટ્રીક મોટર મળી કુલ રૂ.૨૪,૪૩,૦૦૦નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. આ કામગીરીમાં પીઆઈ વી.વી.ઓડેદરા, પીએસઆઈ ડી.જી.બડવા, પીએસઆઈ એચ.સી.ગોહીલ, એ.એસ.આઈ. બાલકૃષ્ણભાઈ ત્રિવેદી, અનીલભાઈ બળકોદીયા, હેડ કોન્સ્ટેબલ દિવ્યેશભાઈ સુવા, નિલેશભાઈ ડાંગર, રાજુભાઈ સાંબડા, હરેશભાઈ પરમાર, અરવિંદસિંહ જાડેજા, શક્તિસિંહ જાડેજા, કોન્સ્ટેબલ કૌશીકભાઈ જોશી, અબ્દુલભાઈ શેખ વગેરે ફરજ પર રહ્યા હતા.


# રૂપિયાની લેતી-દેતી મામલે યુવાન પર ચાર શખ્સોનો છરી અને પથ્થરથી હુમલો

ભારત હેડલાઈન, તા.૧૮

ચુનારવાડ ચોકમાં રૂપિયાની લેતી-દેતી મામલે પરાગ બાવળીયા નામના યુવાન પર ચાર શખ્સોએ છરી અને પથ્થરથી હુમલો કરતાં થોરાળા પોલીસ મથકમાં ગુનો નોંધાયો હતો.

બનાવ અંગે ચુનારવાડ શેરી નં.૨ માં રહેતાં પરાગભાઈ વિજયભાઈ બાવળીયા (ઉ.વ.૨૫) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે ગોપાલ, રાઘવ, કાળુ અને એક અજાણ્યાં શખ્સનું નામ આપતાં થોરાળા પોલીસે આઈપીસી ૩૨૩,૩૨૪ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

વધુમાં ફરિયાદીએ જણાવ્યું હતું કે, તેઓ ઈમિટેશનનો ધંધો કરે છે.તેઓ ગઈકાલે રાતના સમયે ચુનારવાડ ચોકથી આગળ જલારામ મેડીકલ પાછળ હતાં ત્યારે આરોપી કાળુ ધસી આવી કહેલ કે, મારી પાસેથી લીધેલ રૂપીયા પરત આપી દે જેથી યુવાને થોડાં દિવસમાં રૂપીયા પરત આપી દેવાનું કહેતાં કાળુ ઉશ્કેરાઈ ગયેલ હતો અને ગાળો આપી હતી. અને



ત્યારે અન્ય આરોપીઓ પણ ધસી આવ્યાં હતાં અને ઢીકાપાટુનો મારમારવા લાગેલ હતાં. તેમજ ગોપાલ નામના શખ્સે પથ્થર ઉપાડી માથાના ભાગે ઝીંકી દિધો હતો. ઉપરાંત આરોપીઓએ છરીના ઘા પણ યુવકને ઝીંકી દિધા હતાં. જે બાદ તેમને છોડાવવા વચ્ચે પડેલ તેમના સબંધીને પણ મારમાર્યો હતો. બનાવ અંગે થોરાળા પોલીસે ગુનો નોંધી આરોપીની શોધખોળ હાથ ધરી હતી.

# સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ શાખાએ ૨૦૪ આસામીઓ પાસેથી રૂા.૪૯ હજારથી વધુનો દંડ વસુલ્યો

ભારત હેડલાઈન, તા.૧૮

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ-૨૦૨૧ અન્વયે ગત તા.૧૫ થી તા.૧૭ જૂન એમ ૩ દિવસ દરમિયાન ત્રણેય ઝોન વિસ્તાર અલગ અલગ મુખ્ય માર્ગો પર સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગની ટીમ દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવાની તથા ગંદકી કરતા આસામી પાસેથી દંડ વસુલ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

જેમાં ત્રણેય ઝોનમાંથી કુલ ૨૦૪ આસામીઓ પાસેથી ૨૦.૬ કી.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૪૯૯૫૦ નો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો. જેમાં સેન્ટ્રલ ઝોનના ૮૦ આસામીઓ પાસેથી ૯.૦૪ કિ.ગ્રા. પ્લાસ્ટીક જપ્ત કરી રૂ.૧૬૯૫૦, વેસ્ટ ઝોનના ૮૬ આસામીઓ પાસેથી ૯.૪ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી અને રૂ.૨૨૭૫૦ અને ઈસ્ટ ઝોનના ૩૮ આસામીઓ પાસેથી ૨.૧૬ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી રૂ.૧૦૨૫૦ નો વહીવટી ચાર્જ વસુલવામાં આવ્યો છે.

# શાળા હોસ્પિટલોની જેમ હોટલ રેસ્ટોરન્ટ ખોલવાની મંજૂરી આપવા વિવિધ એસોસિએશનોની માંગ

## કોઇ નોટીસ વગર હોટલો, રીસોર્ટ, પાર્ટી પ્લોટને સીલ મારી દેવાયા છે : હજારો લોકોની રોજી પણ અટકી ગઇ

## ફાયર સેફટી અંગે નવા આવેલા કાયદા અંગે આજ સુધી કોઇ અધિકારીઓએ સંચાલકોને જાણ પણ કરી નથી

ભારત હેડલાઇન, તા.૧૮

રાજકોટના ટીઆરપી ગેમઝોનમાં સર્જાયેલા અગ્નિકાંડની ઘટના બાદ પૂરા રાજયમાં ફાયર સેફટીના અમલ માટે સરકારે અને સ્થાનિક તંત્રોએ શરૂ કરેલી કડક ઝુંબેશ વચ્ચે શાળા, કોલેજો, હોસ્પિટલ, જ્ઞાતિની વાડીઓ સહિતની મિલ્કતોને સીલ મારવામાં આવતા રાજકોટથી માંડી ગાંધીનગર સુધી રજુઆતો થઇ હતી. જેના પગલે શાળા, હોસ્પિટલ, લગ્ન હોલને શરતી છુટછાટ આપવામાં આવ્યા બાદ આજે રાજકોટ શહેર અને હાઇ-વે પર ધંધો કરતા હોટલ, રેસ્ટોરન્ટ, પાર્ટી પ્લોટ, રીસોર્ટના એસોસીએશન ફેડરેશન ઓફ હોસ્પિટાલીટી દ્વારા મ્યુનિ. કમિશ્નરને આવેદનપત્ર પાઠવી રજુઆત કરવામાં આવી હતી. હોટલ, રેસ્ટોરન્ટના માલિકો, સ્ટાફ, કેટરર્સ સહિતના સભ્યોએ કમિશ્નરને ફાયર સેફટીની અમલવારી માટે ત્રણ મસનો સમય આપવા માંગણી કરી હતી. પરંતુ કમિશ્નર અગાઉ જ ધંધાદારી એકમોને છુટછાટ માટે હજુ કોઇ નિર્ણય લેવાયો નથી તેવું કહી ચૂકયા હોય, એસો.ને કોઇ રાહત મળી નથી. આરોગ્ય, શિક્ષણ, લગ્ન હોલ જેવી સામાજીક અને આવશ્યક સેવા સિવાય હજુ કોઇ ધંધાદારી એકમોને છુટછાટ આપવા મહાપાલિકાએ કોઇ નિર્ણય નહીં લીધાનો જવાબ તંત્રવાહકોએ આપ્યો છે. રાજકોટ કેટરીંગ એસો. રાજકોટ પાર્ટી પ્લોટ એસો., સૌરાષ્ટ્ર બેકરી એસો., રાજકોટ ઈવેન્ટ એસો., સૌરાષ્ટ્ર આર્ટીસ્ટ એસો., રાજકોટ મંડપ એસો., રાજકોટ લાઇટ એસો., રેસ્ટોરન્ટ એન્ડ કાફે એસો., હોટલ એન્ડ રીસોર્ટ એસો. દ્વારા મહાપાલિકા ખાતે રજુઆત કરવામાં આવી હતી. કમિશ્નર ડી.પી. દેસાઇને કરેલી રજુઆતમાં એવી માંગણી કરવામાં આવી હતી કે ફાયર એનઓસી તથા બીયુ પરમીશનની ચકાસણીની કાર્યવાહી દરમ્યાન હોટલ, રેસ્ટોરન્ટ, પાર્ટી પ્લોટ, કાફે વગેરે જગ્યાએ જે સીલ મારવામાં આવ્યા છે તે તાત્કાલીક ખોલી ધંધો શરૂ કરવાની પરવાનગી આપવી જોઇએ.



**ધડાધડ સીલીંગથી ધંધા રોજગાર ઠપ્પ થઇ ગયા : સરકારે જ જાહેર કરેલી ઈમ્પેકટ યોજનામાં કરેલી અરજી નજરઅંદાજ**

ગેમઝોનની આગ દુર્ઘટના બાદ આ મામલે સીલ મારવામાં આવતા હોટલ અને રેસ્ટોરન્ટ ઉદ્યોગ પર ગંભીર અસર પડી છે. ફેડરેશન ઓફ હોસ્પિટાલીટીના ૯ સભ્યો એસો.એ વધુમાં જણાવ્યું હતું કે આ તમામ એસો.ના ધંધાર્થીઓ હજારો લોકોને રોજગારી પૂરી પાડે છે. વહીવટી તંત્ર દ્વારા એકાએક આ સ્થળોને સીલ મારી દેવામાં આવતા મોટી મુશકેલી ઉભી થઇ છે. સીલ મારતા પહેલા હોટલ, રેસ્ટોરન્ટને કોઇ જાણ કરવામાં આવી નથી અને નોટીસ પણ અપાઇ નથી જે ગેરવ્યાજબી છે. છેલ્લે આવેલા ફાયર એનઓસી અંગેના નવા નિયમ કે પરિપત્રની શહેરના નાગરિકો, વેપાર, ઉદ્યોગકારોને કોઇ ખ્યાલ નથી. કોર્પો. અધિકારી કે પદાધિકારીઓને પણ ખ્યાલ ન હોય તથા તેમને જાણ કરવામાં આવી ન હોય, ઘણી વિસંગતતાઓ પ્રવર્તી રહી છે. હાલની પરિસ્થિતિમાં શાળાઓ, કલાસીસ, હોસ્પિટલ, હોટલ, રેસ્ટોરન્ટ તથા અન્ય જરૂરી એકમો માટે રાજય સરકાર ઈમ્પેકટ ફીનો કાયદો પણ લાવી છે. આવા અનેક ધંધાર્થીઓ આ યોજનાનો લાભ લેવા એપ્લાય પણ થયા છે. છતાં પણ અધિકારીઓ દ્વારા ઈમ્પેકટમાં મુકવામાં આવેલી અરજીઓ ચકાસ્યા વગર માત્ર સીલ મારવાની કામગીરી જ કરવામાં આવી છે. વધુમાં એસો.એ જણાવ્યું છે કે ફાયર સેફટીની બાબતમાં તેઓ પણ ચિંતિત છે. સરકારના નિયમ મુજબ સાધનો વસાવવા કે સુરક્ષામાં બાંધછોડ કરવા માટે તેમની કોઇ રજુઆત નથી. આથી જેમ શાળાઓ અને હોસ્પિટલોને શરૂ કરવાની મંજૂરી આપવામાં આવી છે તે રીતે હોટલ, રેસ્ટોરન્ટ ઉદ્યોગને પણ સીલ ખોલી મુદ્દત સાથે નિયમ પાલન કરવા દેવા ધંધાર્થીઓની લાગણી છે. આજે સવારે મનપામાં મોટી સંખ્યામાં હોટલ, રેસ્ટોરન્ટ, રીસોર્ટના સંચાલકો, કર્મચારીઓ ઉમટી પડયા હતા.

# ગાંધીગ્રામમાં યુવકે ગળાફાંસો ખાઈ જીવન ટુંકાવ્યું

ભારત હેડલાઇન, તા.૧૮

શહેરના ગાંધીગ્રામમાં આવેલ શ્યામ નગર-૪માં રહેતાં યુવકે ગળાફાંસો ખાઈ જીવન ટુંકાવ્યું હતું. બનાવ અંગે મૃતકના પરિવારમાં ગમગીની છવાઈ ગઈ છે. બનાવની વિગત મુજબ ગાંધીગ્રામમાં આવેલ શ્યામ નગર-૪ માં રહેતાં સચિન શ્રવણભાઈ ચૌહાણ (ઉ.વ.૨૩) નામના યુવકે ગળાફાંસો ખાઈ લીધો હતો. બાદ ૧૦૮ મારફત રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જયાં ફરજ પરના તબીબે મૃત જાહેર કરતા મૃતકના પરિવારમાં ગમગીની છવાઈ ગઈ હતી. મૃતક બે બહેન અને એક ભાઈમાં નાનો હતો. તેમજ તેઓને સંતાનમાં એક પુત્ર અને પુત્રી છે. યુવકને માનસીક તકલીફ હોવાને કારણે આ પગલું ભર્યું હોવાનું મૃતકના પરિવારજનોએ જણાવ્યું હતું. આપઘાતનું ચોકકસ કારણ જાણવા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# રાજકોટમાં ઈકોમાં બેસાડી મુસાફરોના ખિસ્સા હળવા કરતી ત્રિપુટી ઝડપાઇ

ભારત હેડલાઇન, તા.૧૮

રાજકોટમાં રિક્ષા ગેંગ પછી ઇકો ગેંગ સક્રિય થઈ હોય અને મુસાફરોને બેસાડી રોકડ સેરવી લેતી હોવાની ઘટના નોંધાતા માલવીયાનગર પોલીસે ત્રણ શખ્સોને દબોચી લીધા છે.

શહેરના લક્ષ્મીનગરમાં પીજીવીસીએલ કચેરીએ બીલ ભરીને ચાલીને જીવરાજ પાર્ક તરફ જઈ રહેલા પ્રૌઢને ઇકોના ચાલકે 'ચાલીને જવા કરતાં આમાં બેસી જાવ, મુકી જઈએ' કહી લિફટ આપી હતી. બાદમાં આગળ બેઠેલા શખ્સે ઉલ્ટીનું નાટક કરી આ પ્રૌઢના ખિસ્સામાંથી રોકડ સેરવી તેને ઉતારી મુક્યા હતાં. માલવીયાનગર પીઆઇ જીગ્નેશ દેસાઇના માર્ગદર્શન હેઠળ પેટ્રોલિંગમાં રહેલ ટીમે બાતમી આધારે નાના મવા સર્કલ પાસેથી અમરસરના વિપુલ નાનજીભાઈ પરમાર, શિવનગરના કિશન ઉર્ફે કિશો મગનભાઇ પાંભણીયા અને કોટડાસાંગાણીના રીયાઝ છોટુભાઇ બુખારીને દબોચિ લીધા આ ત્રણેય નવા કોઈ મુસાફરને શોધી શિકાર કરે એ પહેલા પકડી લેવાયા હતાં.

માલિક, મુદ્રક, પ્રકાશક અને તંત્રી : અમિતકુમાર બીપીનભાઈ ઠક્કર, મુદ્રણ – પ્રકાશન સ્થાન : ભારત હેડલાઈન પ્રિન્ટર્સ, ડ્રિમ સીટી ડીર–૧૦૩, દ્વારકેશ પાર્ક પાસે, આલાપ ગ્રીન સીટી પાછળ, રૈયા રોડ, રાજકોટ–૩૬૦૦૦૭
Onwer, Publisher, Printer Editor : AMITKUMAR BIPINBHAI THAKKAR, Printed At : BHARAT HEADLINE PRINTERS, DREAM CITY D2-103, NR DWARKESH PARK, B/H. AALAP GREEN CITY, OFF RAIYA ROAD, RAJKOT, 360005, Published At: DREAM CITY D2-103, NR DWARKESH PARK, B/H. AALAP GREEN CITY, OFF RAIYA ROAD, RAJKOT, 360007

# મણિયાર ટ્રસ્ટે પ્લેનેટોરીયમ પડતર બનાવી દીધાનો આક્ષેપ : સંચાલન સોંપવાની દરખાસ્ત પેન્ડીંગ

- ભાજપ સંકલનના હિંમતભર્યા નિર્ણયના પડ્યાં પડઘા
- રેસકોર્સની જગ્યામાં કયારેક જ ખુલતી જગ્યામાં તપાસ કરવા બે કોર્પોરેટરની સમિતિ બનાવતા સ્ટે.ચેરમેન જયમીન ઠાકર
- ઈન્ડોર સ્ટેડીયમ સહિતની મિલ્કતોમાં નગરસેવકોને જોડી દેવાશે



ભારત હેડલાઇન, તા.૧૮

મ્યુનિ.કોર્પો.ની અનેક મિલ્કતોના સંચાલન ભુતકાળમાં જુદી જુદી સેવાભાવી સંસ્થાઓ, ભાજપની ભગીની સંસ્થાઓને સોંપવામાં આવ્યા છે. વર્ષે કરોડોનો ગ્રાન્ટ ખર્ચ આપવા છતાં સંચાલનમાં ધાંધીયાની અને બેદરકારીની ઉઠતી ફરિયાદોવચ્ચે આજે મનપા ભાજપ સંકલન અને સ્ટે.કમીટીએ આવા સંચાલનોને બ્રેક મારવાનો એક મોટો નિર્ણય લીધો છે. જેમાં વર્ષોથી રેસકોર્સના પ્લેનેટોરીયમનું સંચાલન ફરી મણિયાર ટ્રસ્ટને સોંપવાની દરખાસ્ત પેન્ડીંગ રાખીને તપાસ સમિતિ મૂકી દેતા ચર્ચા જાગી છે. મોટા ભાગે બંધ રહેતા પ્લેનેટોરીયમનો ઉપયોગ વિદ્યાર્થીઓ માટે વધે અને મિલ્કતનો લાભ લોકોને મળે તે માટે હવે કોર્પો.ની આવી મિલ્કતોમાં કોર્પોરેટરોને પ્રતિનિધિ તરીકે મૂકવા વિચાર શરૂ થયાનું મીટીંગ બાદ ચેરમેન જયમીન ઠાકરે કહ્યું હતું. રાજકોટ મહાપાલિકા દ્વારા રેસકોર્સમાં વર્ષો પહેલા પ્લેનેટોરીયમ બનાવવામાં આવ્યું છે. તારા મંડળ સહિતની જગ્યા અહીં વિકસાવવામાં આવી છે.

અહીં કોમ્પ્યુટર વિભાગનું સંચાલન પણ અરવિંદભાઇ મણિયાર જનકલ્યાણ ટ્રસ્ટને સોંપવામાં આવ્યું છે. જેમાં ત્રણ વર્ષનો વધારો કરવા દરખાસ્ત આવી છે. વર્ષે પાંચ લાખની ગ્રાન્ટ પણ સંસ્થાને આપવામાં આવે છે. પરંતુ આ તારા મંડળ મોટા ભાગે બંધ રહે છે. કોમ્પ્યુટર વિભાગ કયારેક જ ખુલે છે. અઠવાડિયામાં એક વખત શિક્ષણ સમિતિના બાળકોને વિઝીટ કરાવવામાં આવે છે તે બાદ આ પ્લેનેટોરીયમ ધુળ ખાતુ હોય તેવી ફરિયાદ આવતા તાજેતરમાં અધિકારીઓએ સ્થળ તપાસ કરી હતી. હવે આજે આ સંસ્થાને સંકુલનું સંચાલન સોંપવાની દરખાસ્ત પર પ્રથમ વખત ભાજપ સંકલન અને સ્ટે.કમીટીમાં લાંબી ચર્ચા થઇ હતી. વર્ષે પાંચ લાખની ગ્રાન્ટ છતાં બે હજાર વારમાં રહેલી જગ્યા સોંપતા પહેલા વિચાર કરવા નકકી કરાયું છે. ચેરમેને કહ્યું હતું કે આ અંગેની તપાસ કરવા બે કોર્પોરેટરો કેતન પટેલ અને અશ્વિન પાંભરની તપાસ સમિતિ બનાવવામાં આવી છે. તેના રીપોર્ટ બાદ આગળની કાર્યવાહી અંગે નિર્ણય લેવામાં આવશે. વધુમાં પદાધિકારીએ એવું કહ્યું હતું કે કોર્પો. હસ્તક રેસકોર્સનું ઇન્ડોર સ્ટેડીયમ, જુદા જુદા કોમ્યુનિટી હોલ, સ્મશાનગૃહો આવેલા છે. સંસ્થાને જગ્યા સોંપ્યા બાદ વહીવટ કરતા હોય છે. પરંતુ અનેક જગ્યાએથી ફરિયાદ આવે છે છતાં જગ્યામાં કોર્પો.નું પ્રતિનિધિત્વ ન હોવાથી સીધુ સુપરવિઝન રહેતુ નથી. આથી આ સહિતની તમામ જગ્યાઓમાં હવે જે રીતે લેંગ લાયબ્રેરી, યાર્ડમાં કોર્પોરેટરોને પ્રતિનિધિ તરીકે મૂકવામાં આવે છે તે રીતે અહીં પણ નગરસેવકોને પ્રતિનિધિ તરીકે મૂકવા તૈયારી કરવામાં આવી છે. ભાજપની સૌથી જુની ભગીની સંસ્થા મણિયાર ટ્રસ્ટને સંચાલનની દરખાસ્ત પેન્ડીંગ રાખવામાં આવતા આ દરખાસ્તના પડઘા પણ કોર્પો. બિલ્ડીંગ બહાર તુરંત પહોંચી ગયા હતા!

# પૂ. રણછોડદાસજી બાપુ પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ચંપારણ્ય ખાતે યાત્રા અને મનોરથનું કરાયું આયોજન



ભારત હેડલાઇન, તા.૧૮

પૂ. રણછોડદાસજી બાપુ પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા વર્ષ ૨૦૧૦ થી સતત સામાજિક તેમજ ધાર્મિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. ત્યારે હવે આગામી નવેમ્બર ૨૦૨૪ માં ચંપારણ્ય ખાતે ધાર્મિક યાત્રા તેમજ ચાર માનોરથનું આયોજન કરવામાં આવ્યું છે. ચંપારણ્ય ખાતે નિકુંજ છાક બગીચા મનોરથ, આખા દિવસની સેવા - નંદ મહોત્સવ સાથે, ધ્વજાજી આરોહણ - રાજભોગ અને ગૌ શાળામાં લાપસી ખવરાવાનો મનોરથ ટ્રસ્ટ દ્વારા કરવામાં આવશે. ટ્રસ્ટ દ્વારા આયોજીત ચંપારણ્યની ધાર્મિક યાત્રા માટે રાજકોટથી રાયપુર આગામી તા.૧૬ નવેમ્બરને શનિવારના રોજ ઓખા બિલાસપુર ડવરા રાયપુર જવાનું રહેશે. તેમજ તા.૨૩ નવેમ્બરના શનિવારના રોજ શાલીમાર પોરબંદર ટ્રેન દ્વારા રાયપુરની રાજકોટ પરત આવવાનું રહેશે. વધુ માહિતી માટે રમેશભાઈ પાઉં મો.નં.૯૯૨૫૨ ૨૦૨૫૨ ઉપર સંપર્ક કરવાનો રહેશે. આ ધાર્મિક પ્રવાસના આયોજન માટે ટ્રસ્ટના ચેરમેન અજયભાઈ સંઘાણી તેમજ ટ્રસ્ટના ટ્રસ્ટી રમેશભાઈ પાઉં, જયેન્દ્રભાઈ બુદિયાણી અને કિરીટભાઈ કુંડલિયા જહેમત ઉઠાવી રહ્યા છે.

# કણકોટના પાટિયા પાસે બાઈકની ઠોકરે છ વર્ષના બાળકનું મોત

## ક્રિકેટ રમતી વેળાએ રોડ પર બોલ લેવા જતાં બનેલો બનાવ

ભારત હેડલાઇન, તા.૧૮

કણકોટના પાટીયા પાસે ક્રિકેટ રમી રહેલ છ વર્ષીય બાળક બોલ રોડ પર લેવાં જતાં બાઈકની ઠોકરે ચડી જતાં બાળકને માથાના ભાગે ગંભીર ઈજા મોત નિપજતાં અરેરાટી વ્યાપી ગઈ હતી. બનાવ અંગે જાણ થતાં તાલુકા પોલીસ દોડી ગઈ હતી. કણકોટના પાટીયા પાસે રહેતાં વિનોદભાઈ પરમારનો છ વર્ષીય પુત્ર પીયૂષ ગઈકાલે બપોરના સમયે ક્રિકેટ રમતો હતો ત્યારે બોલ રોડ પર જતાં તે બોલ લેવાં માટે રોડ પર ગયો હતો ત્યારે પુરપાટ ઝડપે આવેલ અજાણ્યાં બાઈક ચાલકે બાળકને હડફેટે લીધો હતો. જેમાં બાળકને માથાના ભાગે ગંભીર ઈજા થતાં સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. પરંતુ ટુંકી સારવાર દરમિયાણ મોત નીપજ્યું હતું. બનાવની જાણ થતાં તાલુકા પોલીસનો સ્ટાફ દોડી આવ્યો હતો અને અકસ્માત સર્જનાર અજાણ્યાં બાઈક ચાલક સામે ગુનો નોંધવા તજવીજ હાથ ધરી હતી. મૃતક બાળક છ ભાઈ-બહેન હોવાનું જાણવા મળ્યું છે બનાવથી પરીવારમાં કાળો કલ્પાંત છવાયો હતો.

# જાહેર રજામાં શાળાઓ શરૂ રાખનારા સંચાલકો શિક્ષણાધિકારીને ગાંઠતા ન હોવાની ઉઠી ફરિયાદ

- ડરપોક શિક્ષણાધિકારી રાજીનામુ આપેના સુત્રોચ્ચાર : ૯ની અટકાયત,
- D.E.O. કચેરી પર કોંગ્રેસનો હલ્લાબોલ : શિક્ષણાધિકારીને ઢાંકણીમાં પાણી આપ્યું : પોલીસે ટીંગાટોળી કરી કાર્યકરોને ઉપાડી લીધા



ભારત હેડલાઇન, તા.૧૮

રાજકોટ જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી પર આજે કોંગ્રેસે હલ્લાબોલ કરી શિક્ષણાધિકારીના રાજીનામાની માંગણી ઉઠાવી હતી તેની સાથોસાથ શિક્ષણાધિકારીને ઢાંકણીમાં પાણી આપ્યું હતું. જાહેર રજામાં શાળાઓ શરૂ રાખનારા શાળા સંચાલકો શિક્ષણાધિકારીને ગાંઠતા ન હોવાની ફરિયાદ કોંગ્રેસના આગેવાનો કાર્યકરોએ કરી ડરપોક શિક્ષણાધિકારી રાજીનામું આપેના સુત્રોચ્ચાર કાર્યકરો આગેવાનો એ કર્યા હતા. આ આંદોલનાત્મક કાર્યક્રમ દરમિયાન પોલીસે ૯ યુવા આગેવાનોની ટીંગાટોળી કરી અટકાયત કરી હતી. આ અંગે કોંગ્રેસના વિદ્યાર્થીનેતા અને પ્રવકતા રોહિતસિંહ રાજપૂત તથા કોંગ્રેસના અગ્રણી રણજીત મુંધવા, સહિતના આગેવાનો એ જણાવ્યું હતું કે રાજકોટમાં ખાનગી શાળાઓની દાદાગીરી એટલી હદે વધતી જાય છે ત્યારે બીજી તરફ જીલ્લા શિક્ષણ અધિકારીને પણ હવે અમુક સંચાલકો ગાઠતા નથી તેવુ ચિત્ર ઉપજી આવ્યુ છે. જાહેર રજામા અનેક ખાનગી શાળાઓ શરૂ હતી. ત્યારે વાલીઓએ અને વિદ્યાર્થીઓએ અનેક ફોન જિલ્લા શિક્ષણ અધિકારીને કર્યા છતા એક ફોન કોઈનો ઉપાડયો ના હતો બીજી તરફ ગઈકાલે વિદ્યાર્થીઓની ફરિયાદના આધારે ધોળકીયા સ્કૂલે રજૂઆત કરવા પહોચેલા કોંગ્રેસના યુવા કાર્યકરોને સંચાલકે ચોખ્ખુ કહ્યુ હતુ કે જિલ્લા શિક્ષણ અધિકારીને ફરિયાદ કરવી હોય તો કરી દેજો.. ગઈકાલે ધોળકીયા સ્કૂલમા કોંગ્રેસે હલ્લાબોલ કર્યા બાદ જીલ્લા શિક્ષણ અધિકારીએ તમામ શાળાઓ બંધ કરવાના આદેશ આપ્યા હતા પરંતુ વાસ્તવમા તમામ શાળાઓ બપોર પછીની પારીમા ચાલુ જ હતી ! જેનો સીધો મતલબ થયો કે જિલ્લા શિક્ષણ અધિકારીને સ્કૂલ સંચાલકો ૧% પણ ગાંઠતા નથી. રાજ્ય સરકારના નિયમોનો ઉલાળિયો કરનાર સામે કડકાઈ દર્શાવવાના બદલે જવાબદાર અધિકારી નોટિસ આપવામા પણ ડરતો હોય તો તેઓએ આ પદ પરથી રાજીનામુ આપી દેવુ જોઈએ તેવા વિદ્યાર્થી નેતાઓએ પ્રહારો કર્યા હતા. વધુમા જણાવ્યુ હતુ કે જિલ્લાની શૈક્ષણિક બાબતોમા રાજ્ય સરકારના પ્રતિનિધિ તરીકે જેમની જવાબદારી હોય તે જ વેચાય જાય તો શિક્ષણની સ્થિતિ શુ ઉદ્દભવે ? બસ આવી જ પરિસ્થિતિ કઈક રાજકોટમા હાલના સમયે ઉદ્ભવી છે જ્યારે જ્યારે સ્કુલોની ખોટી રીતે દાદાગીરી સામે આવે છે ત્યારે ડી.ઈ.ઓ. જાણે સેલ્ફ ફાયનાન્સ સ્કૂલ એસોશિયનના મહામંત્રી પદ પર હોય તેવુ અરજદારો સાથે વલણ દાખવે છે તે શરમજનક છે. થોડા સમય પહેલા ખાનગી સ્કુલોમા પ્લાસ્ટિકના ગેરકાયદેસર ડોમ અંગેની પુરાવા સહિત અમો રજૂઆત કરવા ગયેલ ત્યારે વિદ્યાર્થીઓની સુરક્ષા બાબતે ગંભીરતા દાખવવાના બદલે બીજા વિભાગો ઉપર ખો આપી. ડી.ઈ.ઓ.જવાબદારીમાથી છટકી ગયા હતા અને જણાવ્યુ કે હુ જો આ અંગે કાર્યવાહી કરુ તો કાલ સવારે સરકારમાથી ઈન્કવાઈરી ઉભી થશે તો ! કહેવાનો મતલબ કે જો આવો જ ડર લાગતો હોય તો જવાબદારીઓમાથી સ્વેચ્છિક રાજીનામુ આપી દેવુ જોઈએ અન્યથા જો ઊંચો સરકારી પગાર લેવો જ હોય તો નીડરતાથી સત્યની સાથે ચાલી કડકાઈથી કામગીરી કરવી પડશે. તેઓએ જણાવ્યું હતું કે, વેકેશનના રજાના દિવસોમા મોટાભાગની શાળાઓ શરૂ હતી ત્યારે વિદ્યાર્થીઓના વાલીઓ ફરિયાદો કરી કરીને થાકી ગયા પણ એક સ્કૂલે ડી.ઈ.ઓ.ને ગાંઠ્યા ના હતા અને હવે તમામ સરકારી જાહેરરજાઓમા ખાનગી શાળાઓ શરૂ હોય છે.આવા બેદરકાર અધિકારીઓને લીધે જ ટીઆરપી ગેમઝોન જેવા અગ્નિકાંડમાં ૩૦ લોકોનો જીવ હોમાયો છે. ડી.ઈ.ઓ.ની નિષ્ક્રિય અને શંકાસ્પદ કાર્યશૈલીની શિક્ષણમંત્રીને પણ રજૂઆત કરવામાં આવશે. વધુમા કોંગ્રેસના યુવા કાર્યકરો અને આગેવાનોએ જણાવ્યુ હતુ કે ગઈકાલની જાહેરરજામા રાજકોટની જેટલી જેટલી શાળાઓ શરૂ હતી તેઓ વિરુદ્ધ દંડનાત્મક કડક કાર્યવાહી કરવામા તે જરૂરી છે આ કાર્યક્રમમાં કોંગ્રેસના વિદ્યાર્થીનેતા પ્રવક્તા રોહિતસિંહ રાજપુત,કોંગ્રેસ અગ્રણી રણજીત મુંધવા, ઓબીસી સેલ પ્રમુખ હાર્દિકસિંહ રાજપૂત,યુવા આગેવાન જીત સોની,યશ ભીંડોરા,રોનક રવૈયા,રાજ પટેલ,પારસ પટેલ,ડેનિસ રામાણિ,દીક્ષિત પટેલ, વિશાલ નાડોલા સહિતની પોલિસે અટકાયત કરી હતી.

# રાજકોટમાં 'મહારાજ' ફિલ્મ સામે વૈષ્ણવ સમાજનો વિરોધ : અપાયું કલેકટરને આવેદન

- ફિલ્મના હિન સંવાદોથી વૈષ્ણવોની લાગણી દુભાઈ : પ્રસારણ પર રોક લગાવવા માંગ



ભારત હેડલાઇન, તા.૧૮

'મહારાજ' ફિલ્મ સામે વૈષ્ણવ સમાજમાં ઉગ્ર વિરોધ ભભૂકી ઉઠયો છે. આજે જીલ્લા કલેકટર કચેરી ખાતે વૈષ્ણવોએ વિશાળ સંખ્યામાં ઉમટી પડી આ મામલે જીલ્લા કલેકટર તંત્રને આવેદનપત્ત સુપરત કરી ઉગ્ર રજુઆત કરી હતી. વૈષ્ણવ સંપ્રદાયના વર્ષો પહેલાના કિસ્સાને લઈ આ 'મહારાજ' ફિલ્મનું નિર્માણ કરવામાં આવેલ છે. આ ફિલ્મમાં અમુક હિન પ્રકારના સંવાદો કરવામાં આવેલ હોય જેના કારણે ભારત સહિત વિશ્વભરના સનાતન ધર્મિય અને વૈષ્ણવોની લાગણી દુભાણી છે. વિધર્મીઓની ચાલ સામે વૈષ્ણવ સમાજ દ્વારા અવાજ ઉઠાવવામાં આવ્યો છે. આ ફિલ્મના પ્રસારણ પર રોક લગાવવાની માંગણી ઉઠાવી વૈષ્ણવ સમાજના આગેવાનો દ્વારા કલેકટર તંત્રને રજૂઆત કરવામાં આવી છે.

ગુજરાતના તમામ નાના મોટા ગામોમાં પુષ્ટિમાર્ગીય આચાર્યો, વૈષ્ણવ અગ્રણીઓ આ મામલે પોલીસ ફરીયાદ કરીને પોતાનો રોષ પ્રગટ કરી રહ્યા છે. વૈષ્ણવ સમાજના આગેવાનોએ વધુમાં જણાવ્યું હતું કે વિધર્મી લોકોના આવા ષડયંત્ર સામે સનાતન ધર્મના લોકોએ બહાર નીકળવું પડશે નહીંતર સનાતન ધર્મની સંસ્કૃતિને મોટું નુકશાન પહોંચશે. આ ફિલ્મનું પ્રસારણ અટકાવવા માટે વૈષ્ણવ સમાજના આગેવાનો દ્વારા માંગણી ઉઠાવવામાં આવી હતી.



# ૨૫ વર્ષમાં પ્રથમ વખત પાકિસ્તાન કરતા ભારત પાસે વધુ અણુશસ્ત્રો

- ચોંકાવનારો રીપોર્ટઃ ચીને કેટલાંક અણુશસ્ત્રો ઓપરેશનલ એલર્ટમાં રાખ્યાનો નિર્દેશ
- ભારતે ૧૦ વર્ષમાં ૭૨ અણુશસ્ત્રોનો ઉમેરો કર્યોઃ ચીને એક જ વર્ષમાં ૯૦ અણુશસ્ત્રો વધાર્યા

ભારત હેડલાઇન, તા.૧૮

વિશ્વમાં શાંતિની વાતો વચ્ચે અનેક દેશો વચ્ચે યુદ્ધ અને ભૌગોલિક ટેન્શન ચાલી જ રહ્યું છે. અણુશસ્ત્રો વધારવાની પણ હરિફાઈ છે ત્યારે ૨૫ વર્ષમાં પ્રથમ વખત પાકિસ્તાન કરતા અણુશસ્ત્રોમાં ભારત આગળ નીકળી ગયુ છે. પાકિસ્તાન પાસે ૧૭૦ અણુશસ્ત્રો છે જયારે ભારત પાસે અણુશસ્ત્રોની સંખ્યા ૧૭૨ની થઈ છે.

વિશ્વના દેશોના અણુશસ્ત્રો પર ટ્રેક રાખતા સંગઠન 'સીપરી'ના રિપોર્ટમાં એમ જણાવવામાં આવ્યું છે કે પ્રથમ વખતે ચીન દ્વારા અણુશસ્ત્રોને 'હાઈ ઓપરેશનલ એલર્ટ' પર રાખવામાં આવ્યા છે. ટુંકા સમયમાં જ આક્રમણ કરવા માટે લાંબા અંતરની મિસાઈલો જેવા શસ્ત્રોને આ પ્રકારના પ્લેટફોર્મ પર મુકવામાં આવ્યા છે.


રીપોર્ટમાં એમ જણાવવામાં આવ્યું છે કે, ભારત પણ ઘટનાક્રમ પર નજર રાખી રહ્યું છે. વિશ્વભરમાં અનેક ક્ષેત્રોમાં ભૌગોલિક ટેન્શન વધવાની સાથોસાથ અનિશ્ચિતતાનો માહોલ પણ વધી રહ્યો છે ત્યારે દુનિયાના દેશો અણુભંડાર વધુ મજબૂત અને આધુનિક બનાવી રહ્યાનું જણાય રહ્યું છે. ભારતને લાગેવળગે છે ત્યાં સુધી એમ માનવામાં આવતુ હતુ કે, શાંતિ સમયમાં ભારતે અણુશસ્ત્રો લોંચ સ્થળો કરતા અલગ ઠેકાણા પર રાખ્યા છે પરંતુ ભારતે તાજેતરમાં કેટલાંક શસ્ત્રો દરિયાઈ પેટ્રોલીંગમાં ઉગરવાની સાથોસાથ ચોકકસ સ્થળોએ ખસેડયા હોવાના સંકેત છે. ભારતીય અણુ ડીલીવરી પ્લેટફોર્મમાં ફાઈટર જેટ, જમીન પરની અણુ મિસાઈલ તથા સબમરીન લોન્ચડ મિસાઈલનો સમાવેશ થાય છે. સીપરીના રીપોર્ટમાં એમ કહેવાયુ છે કે, ભારતે ગત વર્ષે ૮ અણુશસ્ત્રોનો ઉમેરો કર્યો છે અને અણુશસ્ત્રોની કુલ સંખ્યા ૧૭૨ પર પહોંચી છે. પાકિસ્તાન પાસે ૧૭૦ અણુશસ્ત્રો છે. ૨૫ વર્ષમાં પ્રથમવાર અણુશસ્ત્રોની સંખ્યામાં ભારત પાકિસ્તાન કરતા આગળ નીકળી ગયુ છે. ભારત ૨૦૧૪થી અણુશસ્ત્રો વધારી રહ્યું છે. ૨૦૧૪માં ભારત પાસે ૧૦૦ અણુશસ્ત્રો હતો. ૧૯૯૯ પછી પ્રથમવાર પાકિસ્તાન કરતા ભારત પાસે વધુ અણુ હથિયારો થયા છે.

રીપોર્ટમાં એમ પણ કહેવાયુ છે કે, દુનિયામાં અન્ય કોઈપણ દેશો કરતા ચીન અણુશસ્ત્રોનો ભંડાર વધારી રહ્યું છે. ૨૦૨૩માં તેની પાસે ૪૧૦ અણુશસ્ત્રો હતા તે સંખ્યા હવે ૫૦૦ પર પહોંચી છે એટલું જ નહીં ચીને પ્રથમ વખત અણુશસ્ત્રો મિસાઈલ પર લગાવ્યા છે.

# ભાજપના ઉમેદવારને પણ લોકસભા ચૂંટણીના પરિણામો પર આશંકા, ચૂંટણી પંચ સમક્ષ કરી માંગ

ભારત હેડલાઇન, તા.૧૮

તાજેતરની લોકસભા ચૂંટણીમાં હારનો સામનો કરનાર લગભગ એક ડઝન ઉમેદવારોએ ચૂંટણી પંચને અરજી આપીને ઈવીએમ-વીવીપેટ તપાસની માગ કરી છે. જેમાં ભાજપ ઉમેદવારથી લઈને અન્ય દળોના પણ ઉમેદવાર સામેલ છે. પોતાની અરજીમાં આ ઉમેદવારોએ ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન અને વોટર વેરિફિએબલ પેપર ઓડિટ ટ્રેલ યુનિટના મેમરી વેરિફિકેશનની માગ કરી છે. એક રિપોર્ટ અનુસાર આવા કુલ ૧૦ ઉમેદવારોની અરજી ચૂંટણી પંચને મળી છે જેમણે ઈવીએમ-વીવીપેટની ચકાસણીની માગ કરી છે. જોકે અમુક ઉમેદવારોએ તેનાથી વધુ યુનિટની તપાસની પણ માગ કરી છે. આ ઉમેદવારોએ પ્રત્યેક ઈવીએમ યુનિટ




માટે ૪૦,૦૦૦ રૂપિયા અને તેની પર ૧૮ ટકા જીએસટી ચૂકવવો પડે છે. જે લોકોએ આવી અરજી આપી છે, તેમાં મહારાષ્ટ્રના અહમદનગર લોકસભા બેઠકથી ભાજપ ઉમેદવાર સુજય રાધાકૃષ્ણ વિખેપાટિલ પણ સામેલ છે. તેમણે વિધાનસભા પ્રદેશ પ્રમાણે ઈવીએમ યુનિટની તપાસની માગ કરી છે. શરદ પવારની એનસીપીના નીલેશ જ્ઞાનદેવ લંકેએ તેમને ૨૮૯૨૯ મતોથી હરાવ્યાં છે. આ સિવાય ઓડિશામાં ઝારસુગુડાથી બીજૂ જનતા દળના ઉમેદવાર દીપાલી દાસે પણ આવી જ માગ કરી છે. તે ભાજપના ટંકધર ત્રિપાઠીથી લોકસભા ચૂંટણી ૧૨૬૫ વોટથી હારી ગયા હતાં.દાસ આ બેઠકથી ઘણી વખત સાંસદ રહી ચૂક્યાં છે. તેમણે લગભગ એક ડઝન ઈવીએમ-વીવીપેટ મશીનોની તપાસની માગ કરી છે. તેમણે કહ્યું કે કુલ ૧૯ રાઉન્ડની ગણતરીમાં ૧૭માં રાઉન્ડ સુધી તેઓ આગળ ચાલી રહ્યાં હતાં પરંતુ અચાનક છેલ્લા બે રાઉન્ડની ગણતરીમાં તે પાછળ ગયાં.